## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન યોજનાના નિયત ધોરણો અને નિયત નમુનાના સોગંદનામા. .

નોંધ :- સરકારશ્રીના તા.૦૩/૧૨/૨૦૦૧ના ઠરાવ અને ત્યાર પછીથી ઉત્તરોત્તર થયેલ ઠરાવોની જોગવાઇ અનુસાર

(૧) વિદ્યાર્થીએ વિદેશ જતાં પહેલાં પાસપોર્ટ સ્ટુડન્ટ વિઝા તેમજ વિદેશની માન્ય યુનિવર્સીટી માં પ્રવેશ મળવા અંગેના આધાર રજુ કરવાના રહેશે. અરજદારે વિદેશ ગયા પહેલા અરજી કરવાની રહેશે. વિદેશ ગમન બાદ વિદ્યાર્થીની અરજી વિચારણામાં લેવામાં આવશે નહી.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે વિદ્યાર્થીના કુટુંબના બધા સ્ત્રોતમાંથી મળી વાર્ષિક આવક રૂા.૧૦.૦૦ લાખ કે તેથી વધારે ન હોવી જોઇએ

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ધોરણ-૧૨ના આધારે સ્નાતકના અભ્યાસ માટે ધોરણ – ૧૨માં ઓછામાં ઓછા ૬૫ % અને તે પૈકી અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓના કિસ્સામાં ઓછામાં ઓછા ૫૫ % ગુણ હોવા જરૂરી

(૪) સ્નાતક કક્ષાના આધારે અનુસ્નાતક કક્ષાના અભ્યાસ માટે, સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૬૦% અને તે પૈકી અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓના કિસ્સામાં ઓછામાં ઓછા ૫૦% જરૂરી છે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ધોરણ -૧૨ અથવા તેની સમકક્ષ અભ્યાસક્રમ માટે વિદેશમાં ડિપ્લોમાં / બેચલર માટે અરજી કરી શકશે. અને

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેચલર ડિગ્રી બાદ વિદેશમાં અનુસ્નાતક અથવા તેની સમકક્ષના અભ્યાસક્રમ માટે જ અરજી કરી શકશે.

(૭) આર્થિક રીતે પછાત વર્ગ માટે સ્નાતક કક્ષાના આધારે અનુસ્નાતક કક્ષાના અભ્યાસ માટે જ અરજી કરી શકશે. અને સ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૬૦ % મેળવેલા હોવા જરૂરી છે.

(૮) આર્થિક રીતે પછાત વર્ગ માટે વિદ્યાર્થીના કુટુંબના બધા સ્ત્રોતમાંથી મળી વાર્ષિક આવક રૂા.૪.૫૦ લાખ કે તેથી ઓછી હોવી જોઇએ.

ઉપરોક્ત યોગ્યતા અરજદાર ધરાવતા હોય તો જ અરજી મંજુર કરવાપાત્ર થશે. અન્યથા અરજી ધ્યાને લેવામાં આવશે નહી. અને તેની જવાબદારી આ કચેરી રહેશે નહી. જેની ખાસ નોંધ અરજદાર/વાલીએ લેવી.

# પરિશિષ્ટ - ૧

અરજદારે આપવાનુ જાત જામીનખત (રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર)

**************************************************************************************

આથી હું ...................................................... રહે. ................................................. તાલુકો .................... જી. ............................ઉ, વર્ષ .......................................... સોગંદ પૂર્વક લખી જણાવુ છું કે, મારી નીચે પ્રમાણેની હકીકત ખરી છે.

(૧) મારી જાતિ ................................................ પેટા જાતિ .................................... છે.

(૨) હું અસલ .......................................... રાજયનો વતની છું. અને વર્ષ ................................ થી ગુજરાત રાજયમાં રહું છું. મારું પુરું સરનામું નીચે પ્રમાણે છે.

<u>કાયમી સરનામું:</u> <u>અત્યારનું સરનામું</u>

(૩) મારા કુટુંબના તમામ આવકના સાધનોની વાર્ષિક કુલ આવક રૂ. ................................ (અંકે રૂપિયા ...................................................................... પુરા ) છે.

(૪) મારા કુટુંબના કોઇ સભ્યોએ અગાઉ આ યોજના હેઠળ આ ખાતા મારફત આ હેતુ માટે લોન લીધેલ નથી.

(૫) મારા કુટુંબના કે અન્ય કોઇ વિદેશમાં રહેતા સગા-સંબંધીએ નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલ નથી.

હું ..................................................... લખી આપુ છુ, કે, હું દેશના ....................................... શહેરની ..................................... કોલેજ/યુનિવર્સીટીમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટે લોન આપવાની યોજના હેઠળ નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગરના તા ....................... ના આદેશ નં. .......................................... .......................................માં જણાવેલ તમામ શરતોનું સંપૂર્ણપણે પાલન કરીશ. અને રૂ. ............... મંજુર કરેલ લોનની રકમથી કરેલ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી હું ભારતમાં મારી સેવા આપીશ. મને આ અભ્યાસક્રમ માટે મારા કોઇ સગા સંબંધી (દેશમાં રહેતા કે વિદેશમાં રહેતા)એ મને નાણાંકીય જવાબદારી માટે પુરુસ્કૃત કરેલ નથી. ઉપરાંત લોન મળ્યા તારીખથી એક માસમાં હું મારો અભ્યાસક્રમ શરુ કરીશ. તેમજ મારા અભ્યાસક્રમનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ મારી સંસ્થામાંથી મેળવી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગરને રજુ કરીશ. તેમજ મને મળેલ લોનની રકમ તથા વ્યાજની રકમ મારો અભ્યાસક્રમ પુરો થયેથી એક વર્ષ બાદ માસિક/ત્રિમાસિક હપ્તામાં ૧૦ વર્ષમાં પરત ભરપાઇ કરવા બાંહેધરી આપું છું.

ઉકત શરતો પૈકી કોઇપણ શરતનો ભંગ કરું તો મને મળેલ લોન/વ્યાજ સરકારશ્રીના નિયમ મુજબ દંડનીય વ્યાજ સાથે, એક સાથે સરકારશ્રીમાં જમા કરાવવા હું તથા મારા વાલી વારસો જાત જામીન તરીકે ખાતરી આપીએ છીએ. ઉપરાંત એ પણ ખાતરી આપીએ છીએ કે ઉકત તમામ રકમ જમીન મહેસુલની બાકી તરીકે રેવન્યુ રાહે વસુલ કરવામાં આવશે.તો તે સામે મારે કે મારા વાલી વારસોનો કોઇ વાંધો ચાલશે નહીં. તેની હું અને મારા વાલી/વારસો બાંહેધરી આપીએ છીએ. અને સરકારશ્રી તરફથી મળતાપાત્ર લોનની રકમ ઉપરાંત જે રકમ થાય તેની હું બીજેથી વ્યવસ્થા કરી વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન મળ્યા તારીખથી એક માસની અંદર અભ્યાસ શરૂ કરીશ.

ઉપરોકત તમામ હકીકતો સાચી અને ખરી છે. ખોટું સોંગદનામું કરવું તે ગુન્હો બને છે તે અમો સારી રીતે જાણીએ છીએ.

વાલી વારસદારની સહી/- અરજદારની સહી/-

તારીખ :- / / ૨૦___

સ્થળ :- .......................................

નોટરીનો સહી સિક્કો

# <u>પરિશિષ્ટ - ૨</u>

અરજદાર તથા સહઅરજદારની લોન પરત ભરપાઈ માટેની સંયુકત બાંહેધરી (રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર)

*****************************************************************************************

આથી અમો નીચે સહી કરનાર ૧. શ્રી ................................................... ઉમર, વર્ષ.............. ૨. સહ અરજદારશ્રી ................................................................. ઉંમર વર્ષ .................. ધર્મ ............... રહે ............................................................... તે અમો આથી આ સોગંદનામા ધ્વારા જાહેર કરી જણાવીએ છીએ કે, અમો અરજદાર વિદ્યાર્થી તેમજ તેઓના પિતા/વાલી વિદેશ અભ્યાસ માટે રજુ કરેલ લોન અરજીના સહ અરજદારો (CO-APLICANTD) છીએ અને હાલમાં ઉપરોકત બતાવેલ સરનામે રહીએ છીએ, અને લેખિત બાંહેધરી આપીએ છીએ કે, અમારી વિદેશ ઉચ્ચ અભ્યાસ અર્થે જવાના હેતુસર નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર જે લોન રૂ..............લાખ મંજુર કરવામાં આવેલ છે તે અમો બંન્ને પરત ભરપાઈ કરવા માટે સંયુકત તેમજ વયકિતગત રીતે જવાબદાર છીએ. તેમજ એકની ગેરહાજરીમાં અન્ય સામે પણ કાયદેસરની કાર્યવાહી કરી શકાશે. તેવી પણ આ સોંગદનામા ધ્વારા લેખિત બાંહેધરી આપીએ છીએ. તદ ઉપરાંત જો મારા પુત્ર/પુત્રી વિદેશ અભ્યાસ કરી પરત ન આવે અને લોન પરત ભરપાઇ ન કરે તો સઘળી લોન વ્યાજ સહિત પરત કરવાની સંપૂર્ણ જવાબદારી અમારી (વાલી) વ્યકિતગત રહેશે. તેમજ મારા ખાતે આવેલ મિલકતના જે આધાર રજુ કર્યા છે, તેની કિંમત લોનની રકમ જેટલી છે. આ મિલકત લોન-વ્યાજ સહિત ભરપાઇ ન થાય ત્યાં સુધી કોઇને ગીરો કે વેચાણ તરીકે આપીશ નહિ. આ લોનની રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ જઇએ તો સરકારશ્રી મારી મિલકતમાંથી દંડનીય વ્યાજ સહિત પુરેપુરી રકમ જમીન મહેસુલ બાકી રકમ તરીકે વસુલ કરી શકાશે. જેમાં અમો વાલી –વારસોનો કોઇ વાંધો ચાલશે નહિ. અને નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર ધ્વારા વિદેશ ઉચ્ચ અભ્યાસ અર્થે જવાના હેતુસર જે લોન મંજુર કરવામાં આવેલ છે તે જ હેતુ માટે લોનની રકમનો ઉપયોગ કરીશું અને અભ્યાસને લગતા ખર્ચની વિગતો આધાર સહ રજુ કરીશું.

ઉપરોકત તમામ હકીકતો સાચી અને ખરી છે. ખોટું સોંગદનામું કરવું તે ગુન્હો બને છે તે અમો સારી રીતે જાણીએ છીએ.

સાક્ષીઃ- ......................................................

૧. ..........................................
(વિદ્યાર્થી)

૨...................................................
(પિતા/વાલી)

તારીખ :- / / ૨૦___

સ્થળ :- ......................................

નોટરીનો સહી સિક્કો

# <u>પરિશિષ્ટ - ૩</u>

પિતા-વાલીની મિલકત સરકારશ્રીમાં મોર્ગેજ (Mortgage) કરાવવા આપવાની થતી સંમતિ (રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર)

*****************************************************************************************

આથી હું ..................................................... ઉ, વર્ષ ........................................... રહે ................................................. તાલુકો ..................... જી. ............................ જણાવું છું કે, મારા પુત્ર નામે ..........................................................................................રહે ...................................... તા...................................... જી .....................................ની વિદેશ અભ્યાસ માટે રૂ. ....................... (અંકે રૂપિયા ..................................... પુરા) લોન મંજુર કરવા માટે મેં નીચે મુજબની મિલકત આપેલ છે.

**મિલકતનું વર્ણનઃ-**

ઉપર દર્શાવેલ મિલકત આ લોન મંજુર થયેથી સરકાર પક્ષે મોર્ગેજ (Mortgage) કરાવવા હું સંમત છું, અને જો અમો દર્શાવેલ મિલકત મોર્ગેજ (Mortgage) કરાવવા નિષ્ફળ જઈએ તો મંજુર કરાવવામાં આવેલ લોન સરકારશ્રી રદ કરશે તેમાં મારો કે મારા વાલી વારસોનો કોઇ વાંધો ચાલશે નહિ.

પિતા/વાલીની સહી

તારીખ :- / / ૨૦___

સ્થળ :- .......................................

નોટરીનો સહી સિક્કો

# પરિશિષ્ટ - ૪

જામીનદારનું જામીનખતનો નમૂનો. (રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર)

***********************************************************************************

આથી હું ...................................... રહે. .................................... તાલુકો ....................................... જી................................. વર્ષ ..................... લખી આપું છું કે શ્રી ................................ રહે ....................................... તા. ............................. જી. ..............................ને નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગરના આદેશ નં. ....................................... તા. ............................થી લોન મંજુર કરવામાં આવેલ છે. જે આદેશમાં જણાવ્યા પ્રમાણે જાત જામીન ઉપરાંત વધારાના જામીનદાર મિલકતવાળા હોય તેવાને જામીનદાર તરીકે લેવાના છે. તે પ્રમાણે હું ............................................................. જામીન થાઉ છું. મને મારા ખાતે આવેલી નીચે પ્રમાણેની સ્થાવર મિલકત કે જમીનનો આધાર રજુ કર્યો છે. અને તેની કિંમત જામીનગીરીની કિંમત જેટલી છે.

સ્થાવર મિલકતનું પ્રમાણપત્ર આપવું (જામીનગીરીની કિંમતનું પ્રમાણપત્ર)

જમીનદાર હોય તો જમીનની મિલકતનો ૭/૧૨ નો ઉતારો. જામીનગીરીની કિંમત જેટલી કિંમતના આપવા.
જામીનદાર તેમના તાજેતરના બે ફોટા સ્ટેમ્પ પર લગાડીને આપવાના રહેશે.

ઉપર જણાવ્યા પ્રમાણે હું .............................................................. જે .................................... શરૂ કરવા લોન મંજુર કરવામાં આવેલ છે. અને તે પુરેપુરી ભરપાઇ ન કરે તો બાકી લ્હેણી પડતી રકમ વ્યાજ સાથે જમીન મહેસુલી નીકળતી રકમ મારી સ્થાવર મિલકતમાંથી સરકાર વસુલ કરશે. તેની સામે મારો કે મારા વાલી વારસાનો કોઇ વાંધો ચાલશે નહીં. તેનું હું ખાતરીપૂર્વક આ લખાણ લખીને જામીન થાઉ છું જે મારા વાલી વારસોને બંધનકર્તા રહેશે.

સ્થળઃ- જામીનદારની સહી/-
તારીખઃ- નામઃ-
સરનામુંઃ-

તારીખ :- / / ૨૦___

સ્થળ :- .......................................

નોટરીનો સહી સિક્કો

## પરિશિષ્ટ - ૫

**જામીનદારની મિલકતમાં બોજા નોંધ/ મોર્ગેજ (Mortgage) કરાવવા આપવાની થતી સંમતિ** (રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર)

******************************************************************************

આથી હું ..................................................... ઉંમર, વર્ષ .......................................... રહે ................................................ તાલુકો ..................... જી. ............................ જણાવું છું કે, મે ..........................................................................................રહે......................................તા. ............ જી .....................................ની વિદેશ અભ્યાસ માટે રૂ. ...................... (અંકે રૂપિયા ..................................... પુરા) લોન મંજુર કરવા માટે જામીન થયેલ છું અને જામીન ખત કરી આપેલ છે. જેમાં મારી નીચે મુજબની મિલકત જામીનગીરીમાં આપેલ છે.

**મિલકતનું વર્ણનઃ-**

ઉપર દર્શાવેલ મિલકત આ લોન મંજુર થયેથી લોનના બોજા નોંધ કરાવવા અને જરૂર પડે તો આ મિલકત સરકાર પક્ષે મોર્ગેજ (Mortgage) કરાવવા હું સંમત છું, જેનો પાછળથી મારો કે મારા વાલી વારસોનો કોઇ વાંધો ચાલશે નહિ.

સાક્ષીની સહી                                        જામીનદારની સહી

તારીખ :-     /     / ૨૦___

સ્થળ :- .......................................

નોટરીનો સહી સિક્કો